**ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સોનોગ્રાફી માટે દર્દીઓને ધરમધક્કા**

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




બધા જ વૃક્ષ કાપીને ટ્રકમાં ભરી દો,... અંતરાષ્ટ્રિય ક્લાઇમેટ ચેન્જના સેમીનારમાં જવું કેટલું જરૂરી છે એ તમને ખબર ના પડે...!!

# ચાર દિવસથી પાણી માટે વલખાં મારતા પેથાપુરના ગ્રામજનો

ગાંધીનગર તા.૧

ગાંધીનગર નજીક આવેલા પેથાપુર ગામમાં છેલ્લા ચાર દિવસથી પાણી આવ્યું નથી. ગ્રામજનો પાણી ન આવતા ત્રાહીમામ પોંકારી ઉઠ્યા છે. પાણીના ધાધીયા વારંવાર ગામમાં વારંવાર સર્જાય છે. પેથાપુર નગરપાલિકા દ્વારા ગામમાં પાણી સરળતાથી મળી રહે તે માટે કરોડો રુપીયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. પરંતુ તંત્રના આ રુપીયા પાણીમાં ગયા હોય તેવુ ગ્રામજનોને લાગી રહ્યું છે. અત્યારે હાલ તો ચાર ચાર દિવસથી પાણી ન આવતા ગ્રામજનો મુસીબતમાં મુકાયા છે.જયારે ગ્રામજનોને પાણી માટે વલખા મારવા પડે છે. શહેરને અડીને આવેલા ગામની આ પરિસ્થિત છે તો ગુજરાતના છેવાડાના ગામની શુ હાલત હશે...

રાજયના પાટનગર ગાંધીનગર શહેરને અડીને આવેલા પેથાપુર ગામના ગ્રામજનો છેલ્લા ચાર દિવસથી પાણી મળ્યું નથી. ગામમાં વર્ષ દરમિયાન અનેકવાર પાણીના પ્રશ્નો સર્જાય છે. પરંતુ પ્રથમ વખત આટલા બધા દિવસ પાણી પુરવઠો બંધ રહેવા પામ્યો છે. પેથાપુર નગરપાલિકા દ્વાર ગામમાં પાણી ફોર્સ થી તેમજ સરળતાથી મળી રહે તે માટે કરોડો રુપીયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. ગામમાં પાણી ન આવતું હોવાથી ગામલોકો મુસીબતમાં મુકાયા છે. શહેરમાં સમાવેશ કરાયેલા ગામોમાં પણ પાણીના પ્રશ્ન લોકોને સતત સતાવી રહ્યો છે. જળ એ જીવન છે. રોજ બરોજના કાર્યો માટે પાણી અત્યંત આવશ્યક છે માટે જયારે પાણી ના આવે ત્યારે રોજીંદા અળચણો ઉભી થવા પામે છે. પાણી કયારે આવે તેની રાહ જોઈને અત્યારે હાલ તો ગ્રામજનો બેઠા છે.

# યુવાનોના હૃદય-દિમાગને શિક્ષિત કરવા માટેની જરૂર

અમદાવાદ, તા.૦૧

ભારતના રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીએ આજે અમદાવાદમાં ગુજરાત વિદ્યાપીઠના ૬૨માં પદવીદાન સમારંભમાં બોલતા વ્યવહારમાં મુકવા તમામ માટે પાયાનાં શિક્ષણ નો વિશિષ્ટ અભ્યાસક્રમન આગળ ધપાવ્યો હતો.દેશમાં ગુજરાત કદાચ એક માત્ર એવું રાજય છે કે, જ્યાં રાજયના સાથે શિક્ષણના આદર્શથી ઘડાવો જોઈએ. રાષ્ટ્રપતિએ જણાવ્યું હતું કે, ગુજરાત વિદ્યાપીઠ વિદ્યાર્થીઓમાં ચારિત્ર્ય કાબેલીયત સંસ્કાર અને શુદ્ધ દાનત કેળવવાના ધ્યેય સાથે શિક્ષણ સ્વચ્છતા સફાઈના ક્ષેત્રે પગલાં ભરવાથી ગ્રામીણ લોકોના જીવનની ગુણવત્તામાં સુધારો કરવામાં તથા ગરીબીથી સમસ્યા હલ કરવામાં મોટી મદદ મળશે. રાષ્ટ્રપતિએ કહ્યું હતુ ગૌરવની જે ભાવના કેળવે છે એ વિશે ખુશી વ્યક્ત કરી હતી. એમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે ગુજરાત વિદ્યાપીઠના વિદ્યાર્થીઓ એમની તાલીમનો સારો ઉપયોગ કરી આપણા



**વિદ્યાપીઠ ચારિત્ર્ય કાબિલિયત સંસ્કાર આપે છે : મુખર્જી : વિદ્યાપીઠના પદવીદાનમાં રાષ્ટ્રપતિનું પ્રવચન**



જણાવ્યું હતું કે, ગાંધીજીએ સામાજિક નવ રચના માટે નઈ તાલીમનો જે સિદ્ધાંત આગળ ધર્યો હતો એ જણાવે છે કે જ્ઞાન અને કાર્ય પરિશ્રમને છુટા પાડી શકાય એમ નથી. નઈ તાલીમના ત્રણ અંગભુત પરિબળોમાં હૃદય, હાથ અને મસ્તક દિમાગનો સમાવેશ થાય છે.

ગાંધીજીએ આ વિચારધારાને દુર્ગમ વિસ્તારોમાં આશ્રમશાળાઓ અને બુનિયાદી શાળાઓ મારફત નઈ તાલીમ સંસ્થાકીય સ્વરૂપમાં અસ્તિત્વ ધરાવે છે. નઈ તાલીમ વિદ્યાર્થીઓના ચારિત્ર્યનું નિર્માણ કરે છે. ઘડતર કરે છે, જે વર્તમાન સમયમાં દિવસો દિવસ વધુને વધુ પ્રસ્તુત બનતું જાય છે. શિક્ષણમાં આપણો અભિગમ મુલ્યોના જતન પૂરું પાડે છે. ગાંધીજીના આદર્શો મુજબ દેશની ઉન્નતિ માટે આની જરૂર છે. દેશમાં વધતાં જતા શહેરીકરણ છતાં ૬૮ ટકા વસ્તી હજી પણ ગામડામાં વસે છે. સંજોગોમાં ગ્રામવિસ્તારોમાં અન્ન સલામતી શિક્ષણ, કૌશલ્ય વિકાસ,રોજગારી ટેકનોલોજીનો ફેલાવો, આરોગ્ય અને પોષણ આવાસ, પીવાનું પાણી અને કે, ગુજરાત વિદ્યાપીઠના વિદ્યાર્થીઓને ગાંધીજીના સ્વપ્ન સાથએ સુસંગત થાય એ રીતે ગ્રામવિકાસનો ટેકો પુરો પાડવા માટે તાલીમ સજજ કરવામાં આવલે છે. એમણે ગુજરાત વિદ્યાપીઠ વિદ્યાર્થીઓને ચરખા અને કોમ્પ્યુટર અંગેની તાલીમ એક સરખા ઉત્સાહ સાથે પુરી પાડી વિદ્યાર્થીઓમાં શ્રમનાં રાષ્ટ્રના ગૌરવશાળી નાગરિકો બનશે. રાષ્ટ્રપતિએ કહ્યુંહતુંકે, સમાજ જીવનમાં આવી પરંપરાઓ રાતોરાત નથી વિકસાવી શકાતી આવા ઉમદા વ્યવહારોને વિકસાવવા વધારવા આપણે પ્રયાસો કરવા રહ્યા. એમણે કહ્યું હતુંકે, બાપુને મન સ્વચ્છ ભારતનો અર્થ સ્વચ્છ દિમાગ, સ્વચ્છ શરીર અને સ્વચ્છ પર્યાવરણ એવો થતો હતો.

# સ્થાનિક સ્વરાજની ચૂંટણીના પરિણામો ભૂકંપ સર્જશે : શંકરસિંહ

ગાંધીનગર, તા. ૧

સ્થાનિક સ્વરાજયની ચૂંટણીના આવતીકાલે પરિણામો જાહેર થયા બાદ ગુજરાતના રાજકારણમાં મોટો ભૂકંપ સર્જાશે અને પરિણામે ભાજપની નેતાગીરીમાં બદલાવ કરવાની ફરજ પડશે એમ વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું હતું.

ગુજરાત કોંગ્રેસના વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે છેલ્લા દોઢ વર્ષથી દિલ્હીમાં બેઠેલી ભાજપ સરકાર અને ૧૫ વર્ષથી ગુજરાતમાં બેઠેલી ભાજપ સરકારના અણધડ વહીવટ અને અણ આવડતના પરિણામે તેમજ આજના વડાપ્રધાન જયારે રાજ્યમાં મુખ્યમંત્રી પદે હતા ત્યારે તેમણે આપેલા પોકળ અને ઠાલા વચનો અને દેશની જનતા જેમાં ગુજરાત પણ આવી જાય તમામને છેતરવા કરેલી વાહિયાત વાતો અને પ્રજાની અપેક્ષાઓ પરિપૂર્ણ કરવામાં કેન્દ્ર અને રાજયની ભાજપ સરકારની નિષ્ફળતાના કારણે ભાજપને કારમી હાર મળશે.

ગુજરાતની પ્રજાનો મિજાજ જોઈને અત્યારે મને લાગે છે કે મહત્તમ પરિણામ કોંગ્રેસની તરફેણમાં હશે તેનો યશ ગુજરાતના મતદારોને જશે. બિહારના પરિણામોથી ભાજપને લાગેલા ધક્કાની કળ વળે તે પહેલા ગુજરાતના પરિણામોથી બીજો જોરદાર ધક્કો લાગશે.આ પરિણામોથી ભાજપમાં બહુ મોટો ભૂકંપ આવવાનો છે અને તેનું એ.પી. સેન્ટર ગાંધીનગર હશે.

# લેપટોપ-મોબાઈલ ચોરતી તામીલનાડુની ગેંગ સક્રીય

ગાંધીનગર, તા. ૧

ઈન્ફોસીટી પોલીસે પખવાડીયા અગાઉ એક તામીલનાડુ વિસ્તારનો જ બહેરો-મુંગો શખ્સ લેપટોપ-મોબાઈલ ચોરીમાં પકડ્યો હતો. આજે તે જ ટોળકીનો બીજો એક સાગરીત એલસીબીના સકંજામાં આવ્યો છે. ૧૦



લેપટોપ અને ૩૦ મોબાઈલ મળીને ચોરીના રૂ. ૬.૧૩ લાખના મુદ્દામાલ સાથે ધોળાકૂવાથી પકડાયેલા આ શખ્સ પાસેથી ચોંકાવનારી વિગતો ખુલી છે. તામીલનાડુની આખી ગેંગ બહેરા-મુંગાના નામે ભંડોળ એકઠુ કરવાના બહારે ફરીને મકાનોની રેકી કરી ચોરીઓ કરી રહી છે. હવે જાણવા મળ્યું કે ઈન્ફોસીટી પોલીસે પકડેલો બેરો મુંગો ચોર સાંભળી પણ શકે છે અને બોલી પણ શકે છે..!

ગાંધીનગર એસ.પી. વિરેન્દ્રસિંહ યાદવની સુચનાથી એલસીબી પી.આઈ. આશુતોષ પરમાર તથા તેમની ટીમે મિલ્કત સંબંધી ગુનાઓ અટકાવવા તથા શોધી કાઢવા બાતમીદારો સક્રીય કર્યા છે. ત્યારે પીએસઆઈ કૃણાલ પટેલ તથા તેમની ટીમ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી ત્યારે ધોળાકૂવા બસસ્ટેન્ડ પાસેથી એક શખ્સ મુર્ગન હેવરાજ તેનુવાડન વડ્ડર (રહે. તોતુદરાઈ મોટુર, તા. વેલોર, જી. ગુડીયાતમ, તામીલનાડુ) ને ૧૦ લેપટોપ અને ૩૦ મોબાઈલના જથ્થા સાથે પકડી પાડ્યો હતો. રૂ. ૬.૧૩ લાખના મુદ્દામાલ અંગે પુછતાછ કરતા સમગ્ર ચોરીનું રેકેટ બહાર આવ્યું છે. સેક્ટર-૭, વડોદરા શહેર, ઈન્ફોસીટી, અમદાવાદ ઓઢવ, અંકલેશ્વર જીઆઈડીસી સહિતના પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી તક મળતા જ લેપટોપ-મોબાઈલ ચોરી કર્યા હોવાની કબુલાત કરી છે. ચોંકાવનારી

**ચોરીના ૧૦ લેપટોપ, ૩૦ મોબાઈલ લઈને ધોળાકુવા ઉભેલો શખ્સ એલસીબીના સકંજામાં : ૬.૧૩ લાખનો મુદ્દામાલ જપ્ત : બહેરા-મુંગાના નામે ભંડોળ એકઠુ કરવાના બ્હાને મકાનોની આ ગેંગ રેકી કરતી હતી**

વિગત એ છે કે તામીલનાડુની આખી ગેંગ ફરે છે. જે બહેરા મુંગા માણસો માટે ભંડોળ ભેગુ કરવાના બહાને મકાનોની રેકી કરી ચોરી કરે છે. મુર્ગેનની પુછતાછમાં તેના સાગરીતો ગણેશ ગોવિંદ વડ્ડર, સનમોગમ વડ્ડર, ગોપાલ ઈરપુલ્લ વડ્ડર અને અગાઉ ઈન્ફોસીટી પોલીસના સકંજામાં આવી ચુકેલા મંજર ઊર્ફે મંજુ નારાયણ વડ્ડર સાથે મળીને તે ચોરીઓ કરતો હોવાનું બહાર આવ્યું છે. નોંધનીય બાબત એ છે કે ઈન્ફોસીટી પોલીસ મંજરની પુછપરછ કરતી હતી ત્યારે તે બહેરો મુંગો હોવાનો ઢોંગ કરતો હોવાનું ધ્યાને આવ્યું છે. આ શખ્સ પાસેથી રૂ. ૬.૧૩ લાખનો મુદ્દામાલ જપ્ત કરી એલસીબીએ ઈન્ફોસીટી પોલીસને આરોપી સોંપી દીધો છે. ઈન્ફોસીટી પોલીસે ફરાર આરોપીઓની તપાસ શરૂ કરી છે. આ તામીલનાડુના શખ્સો અહીથી માલ ચોરી કરી તેમના રાજ્યના બર્મા બજાર (અમદાવાદના રવિવારી જેવુ બજાર)માં વેચી મારતા હોવાનું તપાસમાં ખુલ્યુ છે.

# ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સોનોગ્રાફી માટે દર્દીઓને ધરમધક્કા

ગાંધીનગર તા.૧

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં આવતા દર્દીઓને સોનોગ્રાફી માટે કલાકો સુધી બેસીને પાછા જવાનો વારો આવે છે. સિવિલમાં સોનોગ્રાફીના બે મશીન હોવા છતાં માત્ર એક જ ઓપરેટ કરવામાં આવે છે. દર્દીઓની લાંબી કતારો હોવા છતાં ડોકટર મીટીંગ વ્યસ્ત જોવા મળે છે. ડોકટર જ ન હોવાથી કલોકો બેસીને દર્દીને પાછા જવાનો વારો આવે છે. સિવિલમાં સોનોગ્રાફીમાં પડતા ધરમધક્કાથી દર્દીઓમાં રોષ જોવા મળ્યો છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં જિલ્લાના રોજના હજ્જારો દર્દીઓ સારવાર માટે આવે છે. સિવિલના ઓ.પી.ડી વિભાગ દર્દીઓથી ઉભરાય છે. દર્દીને યોગ્ય સારવાર મળી રહે તેમજ ચોક્કસ નિદાન થાય તે માટે ડોકટર દ્વારા સોનોગ્રાફી રિપોર્ટ કરાવે છે. પરંતુ સોનોગ્રાફી વિભાગમાં રોજના ૧૦૦ થી વધુ દર્દીઓ બેઠા હોય છે. સિવિલમાં મેડીકલ કોલેજ બનતા દર્દીઓને મળતી માળખાકીય સુવિધામાં પણ તંત્ર દ્વારા વધારો કરવામાં આવ્યો છે. ત્યારે સોનોગ્રાફી વિભાગમાં બે મશીન હોવા છતા હાલના સમયે માત્ર એક જ કાર્યરત છે. એક મશીન હોવાથી દર્દીઓને કલાકો સુધી બેસે ત્યારે સોનોગ્રાફીમાં નંબર લાગે છે.ત્યારે આવા સંજોગોમાં ડોકટર પણ દર્દીઓ હોવા છતા મીટીંગમાં વ્યસ્ત હોય છે. સ્ટાફ દ્વારા દર્દીઓને સાહેબ નથી તેવા જવાબો સાંભળવા મળે છે. સિવિલમાં આ પરંપરા રોજની હોવાનો સુર પણ કેટલાંક દર્દીઓ આલાપી રહ્યા છે. સોનોગ્રાફીના અત્યંત મહત્વના ટેસ્ટમાં જ ધાંધીયાથી લોકો કંટાળી ગયા છે. સિવિવમાં માત્ર એક જ મશીન કાર્યરત હોવાથી દર્દીઓ ભારે હાલાકી ભોગવવી પડે છે. તો કેટલીકવાર વિભાગમાં પણ સ્ટાફ અને દર્દી વચ્ચે તુ તુ મૈ મૈ થતી જોવા મળે છે. સિવિલ અધ્યતન બનવા છતા કામગીરીમાં કોઈ ફેર જોવા મળતો નથી. હોતી હે ચલતીની કામગીરીને પગલે દર્દીઓને ધરમધક્કા ખાવા પડે છે.



આસિઆ અને એસોસિએશન ઓફ સિનિયર એન્જિનીયર્સ એન્ડ આર્કિટેક્ટસના સંયુક્ત ઉપક્રમે તાંત્રિક શાખાના વિદ્યાર્થીઓને તેમજ આર્કિટેક્સ અને ઈજનેરી શાળાની વિવિધ ફેકલ્ટીના તેજસ્વી વિદ્યાર્થીઓને રોકડ પુરસ્કાર સન્માનપત્ર (ડૉ. સી.સી. પટેલ એવોર્ડ-૨૦૧૫) સાથે પુષ્પ ગુચ્છ અર્પણ કરાયા હતા. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ નટુભાઈ ગજ્જર, મંત્રી હસમુખભાઈ શાહ તથા ઉપ પ્રમુખ અજીતસિંહ ભટ્ટી ઉપસ્થિત રહ્યા હતા.

# સરગાસણ ટી.પી. ૯ તરફ જવાના માર્ગ પર સ્પીડ બ્રેકર મુકવા રહિશોની માંગ

ગાંધીનગર તા.૧

ગાંધીનગર શહેરના ખ માર્ગ પર અકસ્માતોની સંખ્યામાં વધારો થવા પામ્યો છે. સરગાસણ ખ માર્ગની આસપાસના વિસ્તારમાં વિકાસ થતા હજ્જારો ઘર નિર્માણ પામ્યા છે. ન્યું ગાંધીનગરમાં સરગાસણ વિસ્તારમાં શહેરીજનોમાં પ્રથમ પસંદગી બની રહ્યો છે. ત્યારે આ વિસ્તારમાં લાખ્ખો લોકો વસવાટ કરતા શહેરનો ખ માર્ગ વાહનોથી દિવસબર ધમધમે છે. સરગાસણ થી મહાત્મા મંદિરના રોડ પર સાર્થક મોલ થી આગળ ટી.પી.૯ અને વાસણા હડમતીયા ગામ તરફ જવા માટે એક જ કટ હોવાથી વાહનોનો ભારે ધસારો હોય છે. જેને પરિણામે નાના મોટા અકસ્માતો સર્જાય છે. તંત્ર દ્વારા આ કટ પાસે સ્પીડબ્રેકર મુકવામાં આવે તેવી સ્થાનિક રહિશોમાં માંગ ઉઠવા પામી છે.

સરગાસણ ચોકડી થી ખ-૧ સુધીના માર્ગ પર માત્ર એક જ કટ છે. આ ન્યું ગાંધીનગર વિસ્તારમાં ખ રોડની બંન્ને બાજુ ફલેટો-સોસાયટીઓ આવેલી હોવાથી લાખો લોકો વસવાટ કરે છે. સ્થાનિકોને એક જ કટ હોવાથી અડધા કિલોમીટર જેટલુ અંતર કાપવું પડે છે. ખ માર્ગ અત્યારે હાલ વાહનવ્યવહાર વધુ જોવા મળે છે. ખ રોડ પર સ્પીડબ્રેકર ન હોવાથી વાહનચાલકો પણ બેફામ ગતિએ વાહનો હંકારતા હોય છે. જેને પગલે કટ પાસે અકસ્માતો સર્જાતા રહે છે. આ વિસ્તારમાં વાસણા હડમતિયામાં શ્રી રંગ પાર્ક, દેવભુમી સોસાયટી, રાજધાની સોસાયટી, શુકનવિલા જયારે ટી.પી. ૯ માં પ્રમુખનગર, શાંતીવિલા, સ્થાપન, દેવનંદન સહિત અનેક ફલેટો આવેલા હોવાથી આવન જાવન વધુ હોય છે.જયારે સવાર સાંજ ટ્રાફીકજામના દ્રશ્યો પણ સર્જાય છે. અહીં કટ પાસે એક સાઈડ થી બીજી તરફ જવા માટે વાહનચાલકો ડર અનુભવી રહ્યા છે. તંત્ર દ્વારા યોગ્ય નિર્ણય લઈ આ સ્થળ પર માર્ગની બંન્ને સાઈડ સ્પીડ બ્રેકર મુકવામાં આવે તેવી માંગ સ્થાનિક રહિશોમાં ઉઠવા પામી છે. જયારે આ વિસ્તારમાં રહેતા રહિશો પોતાના બાળકોને સાયકલ લઈને ટયુશન મોકલતા પણ ડર અનુભવી રહ્યા છે.

## દુ:ખદ અવસાન

કોબા પીટીસી કોલેજના નિવૃત્ત પ્રિન્સિપાલ વનજાક્ષીબેનના પતિ કે.આર. પદ્મનાભન (નિવૃત્ત બેંક અધિકારી)નું તાજેતરમાં દુ:ખદ અવસાન થવા પામ્યું છે.

ટચુકડી જાહેર ખબર

ગાંધીનગર સમાચાર

દર ગુરુવારે-રવિવારે

ફોન : ૨૩૨૨૨૫૭૧

# સે-૨૪ માં સી સી રોડનુ બાકી કામ પુર્ણ કરવા ૭૭ લાખનો ખર્ચ થશે

ગાંધીનગર તા ૧

સે- ૨૪માં સી સી રોડનુ અધુરુ કામ પુર્ણ કરવા રૂ ૭૭ લાખનો ખર્ચ કરવામાં આવશે. સેકટરમાં ઈન્દીરાનગર તેમજ શ્રીનગર વસાહતમાં સી સી રોડનુ બાકી કામ પુર્ણ કરવા ટુંક સમયમાં કામ હાથ ધરવામાં આવશે.

શહેરના સે- ૨૪માં દાયકાઓના અંતે રસ્તા અને લાઈટ સહીતની પ્રાથમિક સુવિધાના કામો હાથ ધરવામાં આવ્યા છે.સેકટરમાં વર્ષોના અંતે સ્ટ્રીટ લાઈટનુ અજવાળુ પથરાયુ છે. જો કે હજુ સેકટરમાં અડીંગો જમાવી બેઠેલા દબાણોના લીધે સમસ્યાઓ યથાવત છે. પરંતુ સેકટરમાં પાયાની સુવિધાઓ પુરી પાડવાના કામો માટે આ વિસ્તારના કોર્પોરેટર સુરેશ મહેતા તેમજ પ્રવિણાબેન દરજી કક્ષાએથી વારંવાર તંત્ર સમક્ષ રજુઆત કરવામાં આવે છે. જયારે ગત વર્ષોમાં સેકટરમાં સ્ટ્રીટ લાઈટની સુવિધા ઉભી કરવામાં આવી હતી. અલબત્ત સેકટરમાં બંધ સ્ટ્રીટલાઈટ બે દાયકાથી પણ વધુ સમયના અંતે શરૂ થઈ હતી. જયારે ગત વર્ષ દરમિયાન સેકટરમાં સી સી રોડનુ કામ શરૂ કરવામાં આવ્યુ હતુ. જેમાં મોટાભાગના તમામ વિસ્તારોમાં સી સી રોડનુ નિર્માણ કરવામાં આવ્યુ હતુ.જયારે સેકટરના ઈન્દીરાનગર તેમજ શ્રીનગર સહીતના વિસ્તારમાં રોડનુ કામ બાકી રહી ગયુ હતુ. આ ઉપરાંત સે-૨૫ના અમુકભાગમાં પણ સી સી રોડની કામગીરી નાંણાંકીય જોગવાઈઓના અંતે અટવાઈ હતી. સેકટરમાં સી સી રોડનુ કામ પુર્ણ કરવા તંત્ર દ્વારા દરખાસ્ત કરવામાં આવી હતી. જેના અંતે વિભાગ દ્વારા સી સી રોડની બાકી કામગીરી પુર્ણ કરવા માટે રૂ ૭૭ લાખના ખર્ચને મંજુરી આપવામાં આવી હોવાનુ ધ્યાને આવ્યુ છે. ટુંક સમયમાં સેકટરમાં સી સી રોડનુ કામ શરૂ કરી દેવામાં આવશે. જેના લીધે સેકટરવાસીઓને રસ્તાની પ્રાથમિક સુવિધા પુર્ણરીતે ઉપલબ્ધ થશે.

## ખૂણે ખાંચરેથી...

● ગાંધીનગરના જાણીતા ગાયનેકોલોજીસ્ટ ડૉ. પ્રદીપ ભાવસારની આઈ.એમ.એ. ગુજરાતના જોઈન્ટ સેક્રેટરી તરીકે નિમણુંક કરવામાં આવી છે.

● સતત ચોથીવાર ગાંધીનગર ઈન્ડિયન મેડીકલ એસો.ની શાળાને મેમ્બરશીપ ડ્રાઈવનો એવોર્ડ પ્રાપ્ત થયો છે.

● ડેન્ટલનો બીજા વર્ષનો વિદ્યાર્થી કુંજ એન. પટેલે તેના જન્મદિનની ઉજવણી રક્તદાન કરીને કરી છે.

● સિનીયર ફોટો જર્નાલીસ્ટ જી.એચ. માસ્ટરનું આજે નિધન થયુ છે.

● ગાંધીનગરમાં ઠંડીનો માહોલ જામતાં શિયાળાના વસાણાનું બજારમાં આગમન થયું છે.

● સચિવાલય સંકુલના બ્લોક નં. ૧ માં પ્લમ્બર તરીકે ફરજો બજાવતા બળદેવજી ખાંટને આજે સવારે છાતીમાં દુ:ખાવો થતાં ૧૦૮ બોલાવી ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા.

## વરિષ્ઠ ફોટો જર્નાલીસ્ટ જી. એચ. માસ્ટરને મુખ્યમંત્રીની શ્રદ્ધાંજલિ

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે વરિષ્ઠ ફોટો જર્નાલીસ્ટ જી.એચ. માસ્ટરના દુ:ખદ અવસાન અંગે શોકની લાગણી વ્યક્ત કરી સદ્ગતને શ્રદ્ધાંજલિ પાઠવી છે. શ્રીમતી આનંદીબહેને સ્વ. માસ્ટરને શ્રદ્ધાંજલિ પાઠવતા જણાવ્યું છે કે, પત્રકારિતા સાથે ફોટોસ્ટોરી અને હૃદયસ્પર્શી ફોટોલાઈન આપવાની તેમની સૂઝ-બૂઝ ફોટો જર્નાલીસ્ટઝમમાં કાયમી સંભારણું બની રહેશે. મુખ્ય મંત્રીશ્રીએ સ્વ. માસ્ટરના આત્માની શાંતિ માટે પ્રભુ પ્રાર્થના કરી છે.

## સેક્ટર-૨૫ સહકાર કોલોનીમાં આજે ઈન્ડીગો કાર સળગી ઉઠી

શહેરના સેક્ટર-૨૫ સહકાર કોલોની ખાતે કોમન પ્લોટમાં પાર્ક કરેલી ઈન્ડીગો ગાડી નં. જીજે.૧.બી.ટી.૫૦૯૪ આજે અચાનક કોઈ કારણોસર સળગી ઉઠી હતી. ગાડીમાં લાગેલી આગ અંગે ગાંધીનગર ફાયરબ્રિગેડને જાણ કરાતા ગાંધીનગર ફાયર ઓફિસર મહેશ મોડ તેમની ટીમ સાથે વૉટર બ્રાઉઝર લઈને ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને પાણીનો મારો ચલાવી ગાડી આખી સળગતા બચાવી લીધી હતી.

## સેક્ટર-૧૭માં સરકારી આવાસોના રીનોવેશનથી ધંધા-રોજગાર પર અસર

ગાંધીનગરમાં સરકારી ક્વાટર્સનું છેલ્લા ૧૪ વર્ષથી રીનોવેશનનું કામ ચાલુ હોવા છતાં હજુ પણ શહેરમાં અસંખ્ય મકાનો ખંડેર હાલતમાં છે. ઘણા મકાનોમાં ચોમાસાના સમયગાળા દરમિયાન છતમાંથી પાણી ટપકવાની ફરિયાદો તથા પોપડા પડવાથી રહેવાસીઓ ઘાયલ થવાની ફરિયાદો સતત મળતી હોય છે. સેક્ટર-૧૭ના ૨૭૦ સરકારી આવાસો હાલ રીનોવેશન ચાલી રહેલ હોઈ તેના રહિશો અન્યત્રએ રહેવા ગયેલ છે. સેક્ટર-૧૭માં આમ પણ હેલીપેડ, ગુલાબ ઉદ્યાન, જિલ્લા પંચાયત કચેરી, પ્રદર્શન હોલ, ટાઉનહોલ વગેરે સરકારી ઈમારતો આવેલી હોવાથી સરકારી આવાસોની સંખ્યા ઓછી છે. વળી રીનોવેશનના કારણે ઘણા બધા રહીશો અન્યત્રે રહેવા ગયા હોવાથી સેક્ટરમાં વસ્તી ઓછી થવા પામી છે. જેના કારણે સેક્ટરના વેપારીઓની હાલત કફોડી બની ગઈ છે. ઓછી ઘરાકીના કારણે નાના ધંધા વાળાઓ તો દુકાનો ખાલી કરી ચાલી ગયા છે. સરકારી આવાસોનું રીનોવેશન કાર્ય ઝડપથી કરવામાં આવે તથા સેક્ટરમાં ફાજલ પડેલ જમીન પર વધુ સરકારી નિવાસોનું નિર્માણ કરાય તેવી રાજધાની વસાહત સેવામંડળ દ્વારા ઉગ્ર માંગ કરવામાં આવી છે.